| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૦૩/૦૩/૨૦૨૦ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૪૩૯/૨૦૨૦**

**ઇસનપુર પોલીસ સ્ટેશન**

## ઘણા સમયથી ભાગતા ફરતા ખાધા ખોરાકીના જપ્તી વોરંટવાળા ઇસમને પકડી કોર્ટમા રજુ કરી ૨૩૦ દિવસની સજા કરાવી ભોગ બનનારને ન્યાય અપાવતી ઇસનપુર પોલીસ

મે.એડી.ચીફ.મેટ્રો.મેજી.સા કોર્ટ નં-૦૧ ઘીકાંટા અમદાવાદ શહેરનાઓ તરફથી આશિફ નજીરભાઇ અજમેરી રહે,મુસામીયાની ચાલી રસુલાબાદ શાહઆલમ અમદાવાદ શહેરનુ ખાધા ખોરાકીના રૂપિયા ૧,૬૭,૦૦૦/-ચઢી ગયેલ હોય અને આરોપી નામદાર કોર્ટમા હાજર રહેતા નહોય અને ખાધા ખોરાકી પણ ભરતા ન હોય સદરીનુ જપ્તી વોરંટ આવેલ હોય જે વોરંટ આધારે સદરી ઇસમની તપાસ કરી પકડી નામદાર કોર્ટમા રજુ કરવા સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એમ.સોલંકી સાહેબે સુર્યનગર પો.ચોકી ઇન્ચાર્જ શ્રીને સુચના આપતા જે જપ્તી વોરંટ આધારે સુર્યનગર ચોકી એ.એસ.આઇ રફીકઅહેમદ ઉસ્માનગની તથા અ.પો.કો ઇમરાનખાન ઇસ્લામખાન તથા અ.હે.કો કનકસિહ તથા અ.પો.કો રણજીતભાઇનાઓએ આરોપીની તપાસ કરી મળી આવતા આજરોજ તા ૦૩/૦૩/૨૦૨૦ ના રોજ મે.એડી.ચીફ.મેટ્રો.મેજી.સા કોર્ટ નં-૦૧ ઘીકાંટા ખાતે રજુ કરતા સદરી ઇસમને નામદાર કોર્ટે ૨૩૦ દિવસની સજા કરી જેલ વોરંટ ભરી આપતા સદરીને સાબરમતી જેલમા મોકલી આપી પ્રસંશનીય કામગીરી કરેલ છે.



# શરીર સબંધી ગુનાઓમા પકડાયેલ એક આરોપીની પાસામા અટકાયત કરી લાજપોર સુરત જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ અગાઉ શરીર સબંધી ગુનાઓમા પકડાયેલા આરોપીનુ પાસાનુ પ્રપોઝલ તૈયાર કરી પાસાનો હુકમ કરાવી સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ પર્સનલના માણસોએ આરોપીને શોધી કાઢી પકડી પાડી આરોપી રીયાન સ/ઓ જાકીરહુસેન હુસેનભાઇ પલટની ઉ.વ ૨૨ રહે,મદિના મસ્જીદની બાજુમા પાનવાળી ચાલી ચંડોળા તળાવ ઇસનપુર અમદાવાદ શહેરનાને સા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન/પાસા/૨૩૨/૨૦૨૦ તા.૦૨/૦૩/૨૦૨૦ થી લાજપોર સુરત જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરવામા આવેલ છે



## ગુના નિવારણ શાખા

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ તા.૨.૦૩.૨૦૨૦ નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં શરીર સબંધી, પ્રોહીબીશન સબંધી ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના અમરાઈવાડી પોલીસ સ્ટેશન વિસ્તારમા છોકરીની છેડતી કરી ફરીયાદી તથા સાહેદની સાથે બિભત્સ ગાળો બોલી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપનાર તથા ફરીયાદીની દુકાને આવી પૈસા આપ્યા વગર પાન મસાલા લેવા જતા ફરીયાદીએ પૈસા માંગતા ફરીયાદીને બિભત્સ ગાળો બોલી ઝપાઝપી કરી ગલ્લામા પડેલ રુપિયા ૫૦૦૦/ બળજબરી પુવર્ક લઈ જનાર માથાભારે અને ઝનુની સ્વભાવ ધરાવનાર ઈસમ નામે (૧) મનોજ ઉર્ફે મનીયો નટવરભાઈ વાઘેલા રહેવાસી- મંસુરીની ચાલી વિભાગ-૧ ગુલાબનગર અમરાઈવાડી અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | મનોજ ઉર્ફે મનીયો નટવરભાઈ વાઘેલા રહેવાસી- મંસુરીની ચાલી વિભાગ-૧ ગુલાબનગર અમરાઈવાડી અમદાવાદ શહેર |

- અમદાવાદ શહેરના અમરાઈવાડી પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી ફરીયાદીની બંધ દુકાનની છત ના સિમેંટના પતરા તોડી દુકાનમા પ્રવેશી કપડા તથા નાણા વિગેરેની ચોરી કરી લઈ જનાર તથા ફરીયાદીની દુકાને આવી પૈસા આપ્યા વગર પાન મસાલા લેવા જતા ફરીયાદીએ પૈસા માંગતા ફરીયાદીને બિભત્સ ગાળો બોલી ઝપાઝપી કરી ગલ્લામા પડેલ રુપિયા ૫૦૦૦/ બળજબરી પુવર્ક લઈ જનાર માથાભારે અને ઝનુની સ્વભાવ ધરાવનાર ઈસમ નામે હર્ષદ ઉર્ફે ચેપો કાળુભાઈ મારુ રહેવાસી- ગુલાબનગર બજરંગના છાપરા અમરાઈવાડી અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી વડોદરા જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | હર્ષદ ઉર્ફે ચેપો કાળુભાઈ મારુ રહેવાસી- ગુલાબનગર બજરંગના છાપરા અમરાઈવાડી અમદાવાદ |

- આ ઉપરાંત શરીર સબંધી પ્રોહીબીશન સબંધી ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૨ ઇસમ મળી કુલ્લે ૪ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી તેઓને ભુજ તથા રાજકોટ તથા વડોદરા જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.